





બધા પક્ષો ચૂંટણીમાં મેલી રમતમાં રાચે છે,
પ્રચાર-યુદ્ધમાં સિદ્ધાંતોને મૂલ્યો વડે ઘાંચે છે,
આંચે છે લોકશાહી જુઠાણાંની હોળીની જવાળાથી -
પક્ષો-નેતાઓ, કાળા નાણાંની ફેણ પર નાચે છે
(ચૂંટણીમાં ગંદી રમતો)




મૂક્યો વિશ્વાસ -
રાબડી-સમજીને -
હતો રાફડો..
(નીતિશ ને ડંખ)

ઢીલી લગામે -
- છટકવા આતુર,
તોફાની ઘોડા..
(તબેલામાં તોફાન)

## ચિંતન

**ક્ષારં જલં વારિ મુચઃ પિબન્તિ તદ્દેન કૃત્વા મધુરં વમન્તિ ।**
**સન્ય સ્તથા દુર્જન દુર્વચનાસિ પીત્વા ચ સૂક્તાનિ સમુદ્રગિરન્ત ॥**

'મેઘ, વાદળ-સમુદ્રનું ખારું જળ પીએ છે અને પછી એને મીઠું કરીને પરત આપે છે અર્થાત વરસાવે છે એવી જ રીતે સંતજન-સજ્જન-સારો માણસ-દુર્જનના કટુ-ખરાબ અપશબ્દો સાંભળી-સહન કરી પચાવીને પણ તેને ઉત્તમ સલાહ શિખામણ બોધ આપે છે.'

સંત-સજ્જન લોકો તો સ્વભાવ હકારાત્મક હોઇ કોઇનો સ્વભાવ ગમે તેટલો ખરાબ-કટુ-ઉગ્ર-જુઠા બોલો-છેતરપીંડીવાળો હોય છતાં એ શું કરે છે કે શું કરવું જોઇએ એનો વિચાર કર્યા વિના - આપણે તો એવા લોકો સાથે પણ સજ્જનની સલુકાઇથી જાણે કંઇ જ બન્યું નથી - કંઇ જ જોયું નથી એમ સમજીને જ વર્તન કરવું જોઇએ.

આવી હકારાત્મકતા બીજાને તો જે મદદરૂપ થાય તો થાય પણ આપણા પોતાના સુખ, માનસિક શાંતિ અને વર્તન માટે ખૂબ જ આનંદદાયક બની રહે છે. કોઇ શું કરે છે તે જોવા કરતાં મારે શું કરવું એ જ આપણા જીવન-ચરિત્ર્યનો મતલબ હોવો જોઇએ.

## સુવિચાર

- કપટમુક્ત માનસિકતા અપનાવી જુઓ કેમ કે પરમાત્માને પામવાનું તે ખૂબ સરળ સાધન છે - **અમૃતબિંદુ**
- તમે ઘરમાં હલકા દ્રવ્યો વસાવતાં નથી તો મનમાં હલકા વિચારોને પણ વસવા ન દો - **ડોંગરેજી મહારાજ**
- જીવનમાં જે પણ સારું છે.. એને ટકાવી રાખવા પ્રયત્નશીલ બનવું એનું નામ જ છે.. 'રક્ષક' બનવું - **સંત ફ્રાન્સીસ**
- નફો એ જો ધંધાની સફળતા છે.. તો રાગ-દ્વેષમાં કડાકો એ ધર્મ આરાધનાની સફળતા છે - **ડો. પ્રણવ પંડ્યા**
- આત્માનો દોષમુક્ત બનાવવાની પ્રથમ શરત છે, દોષનું નિદાન થઇ જાય, અધ્યાત્મ જગતમાં તેને 'બોધન' કહે છે - **અખંડ આનંદ**
- જાગૃતિ સમર્પણભાવ લાવે છે અને સમર્પણ તમને ગ્લાનિથી મુક્ત કરે છે - **શ્રી શ્રી રવિશંકર**
- સાચો જ્ઞાની માણસ જગતની ચકાચૌંધથી વિચલીત થતો નથી - **ભર્તુહરિ**
- વધારે પડતાં રાચરચીલાવાળા ઓરડામાં તમે જો રહી શકતા નથી તો કુવિચારોથી વ્યાપ્ત મનમાં પ્રભુ શી રીતે રહી શકે? - **એસ.ભટ્ટાચાર્ય**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

સંસાર-વ્યવહારમાં અનેક સત્યો છે પણ આપણે એને જાણી જોઇને, મારી-મચડી, આપણા સ્વાર્થ માટે તેનો અર્થ આપણને અનુકૂળ આવે તેવો કરીએ છીએ. દા.ત. મને ડોકટરે કહ્યું, સવારે ચાલીસ મિનિટ તમને ચોખ્ખી હવા મળે અને પરસેવો થાય એવી કસરત કરવી. પંદર દિવસ પછી પાછા રિપોર્ટ લઇને આવજો.'

હું ગયો મધુપ્રમેહમાં કોઇ કડવાસ આવી ન હતી. ડોકટરને આશ્ચર્ય થયું - ખાંડ ખાધી નથી છતાં કેમ આવું થયું?! કસરતમાં શું કરતા હતા?

મેં કહ્યું સાહેબ તમે 'પરસેવો અને ખૂલ્લી હવા'નું જ કહ્યું હતું ને! હું હિંચકે બેસી છાપાં વાંચુ છું ચોખ્ખી હવા મળે છે અને છાપામાં લૂંટ-ખૂનના સમાચાર વાંચી પરસેવા છૂટે છે' ડોકટરે માથાના દુખાવાની ગોળી માગી - જો કે મન કારણ ન સમજાયું.

એમ, મુલ્લાં નસરૂદ્દીન એક સૂફી સંતને મળવા ગયા. પ્રકૃતિ-મહાત્માની વાત નીકળી. સંત કહે બધા સંતપુરુષો-મહાત્માઓ-પશુ-પંખી અને પ્રકૃતિના બધાં તત્ત્વો, જળ-વાયુ અને પશુ-પંખી બધાં જ માનવસેવાનું જ કાર્ય કરે છે છતાં મનમાં કોઇ પણ જાતનું અભિમાન કરતાં નથી અને પાછાં પ્રકૃતિમાં જ વિલય થઇ જાય છે...

નસરૂદ્દિન - આમાંથી ખાસ કંઇ સમજ્યો નહીં છતાં કહ્યું - તમારી વાત સો ટકા સાચી છે મને પણ પ્રકૃતિનો જાત અનુભવ થયો છે. સંતની ઉત્કંઠા વધી કહ્યું, એમ, મને કહો.

નસરૂદ્દીન - કહે એકવાર મને ખૂબ જ ભૂખ લાગી - ચક્કર આવવા લાગ્યા - તળાવને કાંઠે ગયો - અને તરત માછલી પકડી લીધી - ખાઇ ગયો - માછલીએ મારો જીવ બચાવ્યો..

... હવે સૂફી મહાત્માને ચક્કર આવવા લાગ્યા.

Email - sureshchandrabhatt18@gmail.com

# 'માનસ વિકાસથી માનવ વિકાસ'ના ધ્યેય સાથે ગર્ભસ્થ શિશુના વિકાસ માટે નિર્દેશ કરતું અનોખું પુસ્તક અને ઓડિયો સી.ડી.

**શબ્દ સમીપે**
**- નટવર હેડાઉ**

પ્રણવ રૂપ ઓમકાર જ સમસ્ત પ્રાણીઓના પ્રાણ છે. જેના પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એ વર્ણનાત્મક અવયવો છે. વેદો, ઉપનિષદો એ તેનાં ગુણગાનો કરેલાં છે, તેની સાથે સમન્વિત ગાયત્રી, મહામૃત્યુજંય વગેરે : મંત્રોનો જપ વ્યક્તિ, કુટુંબ, સમાજ અને રાષ્ટ્રનો ઉત્કર્ષ કરનારો છે. વૈદિક મંત્રો પ્રાણશક્તિ, આયુષ્ય, કીર્તિ, ધનસમૃદ્ધિ તથા બ્રહ્મતેજમાં વૃદ્ધિ કરી અનિષ્ટને દૂર કરીને ઇસ્ટને પ્રદાન કરનારા છે.

આ બધી ગુઢ વાતોનો સરળ અનો લોકભોગ્ય ભાષામાં તુલસીદાસજીએ રામચરિત માનવસમાં અવધ, વ્રજ અને ઉત્તરપ્રદેશની ગ્રામીણ ભાષા અને બોલીમાં મિશ્રિત પ્રયોગ દ્વારા રજૂ કરી છે તેમાં ગર્ભ સંસ્કાર અંગે બાલકાંડ, અયોધ્યાકાંડ, અરણ્યકાંડ, કિષ્કિન્ધા કાંડ, સુંદરકાંડ, લંકાકાંડ અને ઉત્તરકાંડની જુદી જુદી ચોપાઇઓમાં વર્ણવાયેલ સમસ્ત પંચમહાભૂત અને એનાથી નિર્મિત સપ્તરંગ, સપ્તસ્વર, શબ્દ, સ્પર્શ, રૂપ-રંગ-ગંધની તન્માત્રાઓ સહિત તત્વો છે. તેવી ચોપાઇઓ પસંદ કરીને 'માનસ શિશુ અંગોપન' નામે પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. તેની વાત મારે આજે તમને કરવી છે. જે હિન્દી ભાષામાં હોવાને કારણે રાજય બહાર પણ પ્રસાર પામ્યું છે.

વિદ્યાભારતીના 'સમર્થ ભારત' પ્રોજેક્ટ માટે તૈયાર થયેલા પુસ્તકનું લોકાર્પણ છત્તીસગઢ ખાતે પૂ. મોરારી બાપૂએ કર્યું હતું. અને આશીર્વચન આપતાં જણાવ્યું હતું કે 'રામચરિત માનસ'માંથી લગભગ બધી જ વિદ્યા પ્રાપ્ત થાય છે. ગુરુકૃપા એ જેટલો ઉઘાડ થાય એટલું દર્શન થતું હોય છે. માનસની ચોપાઇ તથા અન્ય સામગ્રી વડે તૈયાર થયેલ 'માનસ શિશુ સંગોપન' જરૂર ઉપયોગીશ થશે.

આ પુસ્તકની પ્રસ્તાવના આ વિષયના નિષ્ણાત અને હાલમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગરના કુલપતિ દિવ્યાંસુ દવે દ્વારા મળે છે. જેમાં તેમણે પુસ્તકનો હેતુ અને ઉપયોગીતા સમજાવતાં પોતાની આગવી શૈલીમાં જણાવ્યું છે કે ગર્ભસ્થ શિશુમાં શારીરિક વૃદ્ધિ અને ચૈતસિક વિકાસ સમાંતરે ચાલે છે. આ બંને પ્રક્રિયા એકબીજાને પ્રભાવિત પણ કરે છે. એટલે વિકાસના શારીરિક પક્ષ માટે આયુર્વેદનો અને ચૈતસિક પક્ષ માટે યોગશાસ્ત્ર તથા આધ્યાત્મ વિદ્યાનું માર્ગદર્શન લેવું પ્રત્યેક ગર્ભસ્થ મહિલા માટે અતિ આવશ્યક છે. એટલું જ નહિં પણ પોતાની અંદર ચાલતી આ પ્રક્રિયાને પોતાના રીતે સમજવું પણ માતા માટે જરૂરી છે.




શ્રીરામચરિત માનસ વાસ્તવમાં 'માનસ વિકાસથી માનવ વિકાસ'ની સાધનાનો ગ્રંથ છે. તેથી ગર્ભાવસ્થાના નવ માસ દરમિયાન સંપૂર્ણ ગ્રંથનો અભ્યાસ કે પાઠ થઇ શકે તો ઉત્તમ છે. પણ જો એમ ન થાય તો શિશુ વિકાસના સોપાન મુજબ પણ એનો અભ્યાસ અને નિત્ય પાઠ કરવામાં આવે તો પણ તે શિશુના માનસિક અને શારીરિક વિકાસમાં ઉપયોગી રહેશે. શબ્દ-રૂપ-ભાવ-ધ્વનિના ચારેય દ્વારા સૂક્ષ્મ તરંગોને માતાના માધ્યમથી શિશુના ચિત્ત પર એવી રીતે અંકિત કરવા કે જેથી શ્રેષ્ઠ માતા, શ્રેષ્ઠ બાળકને જન્મ આપી શકે.

આ પુસ્તકમાંથી પસાર થતાં એ વાત ખાસ ધ્યાનમાં આવે છે કે આ સંપૂર્ણ પુસ્તક રંગીન તો છે પણ તેમાં ઉપયોગમાં લેવામાં આવેલા રંગોનું પણ વિશિષ્ટ મહત્ત્વ રહેલું છે. પુસ્તકના મુખપૃષ્ઠથી લઇને ક્યાં માસમાં ક્યાં અંગને સંબંધિત ચોપાઇઓ મુકેલ છે. તે અનુસાર વૈજ્ઞાનિક રીતે તેને અનુરૂપ રંગમાં એ છાપવામાં આવેલ છે. જે અંગે માર્ગદર્શન કરનાર દિવ્યાશું ભાઇ દવે ધન્યવાદને પાત્ર છે. આ પુસ્તકનું મુખપૃષ્ઠ તૈયાર કરનાર લિમ્કા બુકમાં સ્થાન પામનાર ખ્યાતિપ્રાપ્ત ચિત્રકાર બિપિનભાઇ સોનીએ પુસ્તકના મુખપૃષ્ઠ અને દરેક માસની અવસ્થાને સ્પષ્ટ કરતાં ચિત્રો અને તેને અનુરૂપ રંગોની પસંદગી કરીને બધી કલાઓનું સંયોજન કર્યું છે. આ ચિત્રોનું કોમ્પ્યુટર સેટીંગ ધૈવત સોનીએ સુંદર રીતે કર્યું છે.

આ મંત્રાત્મક ચોપાઇઓને કયા રાગમાં ગાઇ શકાય તે માટે સંગીતજ્ઞો હરિશચંદ્ર જોષી (બોટાદ), ડો. દિક્ષીત (સુરત), બાબુભાઇ રાણપુરા અને સ્વ. રાસબિહારી દેસાઇનો સહયોગ મેળવવામાં આવેલ છે. જેમાં ચોપાઇઓના ભાવોને ધ્યાને લઇને નવ મહિનાની ચોપાઇઓના વૈજ્ઞાનિક રીતે રાગ નક્કી કરી તેને યશ અંતાણીએ સ્વરાંકિત કરી પોતાનો સ્વર આપ્યો છે અને તેની ઓડિયો સી.ડી. પણ આ પુસ્તક સાથે જ તૈયાર થઇ છે. ચોપાઇઓમાં જેમણે પોતાના અવાજનો જાદુ પાથર્યો છે. તેમાં ગાયિકાઓ શ્રીમતિ નેહા વ્યાસ, શ્રીમતી પ્રગતિ મહેતા અને રાજેશ પઢારિયા તેમજ રીધમ સેકશનમાં ચિંતન દવે, વિવેક વ્યાસ, સિતાર વાદક ભગીરથ ભટ્ટ, વાંસળી વાદક શશાંક આચાર્ય મેડોલિન વાદક નિર્મળ સંઘવી એ સૂર અને સ્વરને સથવારે ચોપાઇઓને ચેતના અને સમુધુરતાથી નાદમય બનાવી છે.

'માનસ સિશુ સંગોપન' પુસ્તકના લેખિકા ચંદ્રિકાબેન ભૂપેન્દ્રસિંહજી જાડેજા કચ્છમાં પ્રજ્ઞાલક્ષી ટ્રસ્ટ ચંલાતિ શ્રીમતી એચ.ડી.ડી. કન્યા વિદ્યાલય ભચાઉ ખાતે સેવાઓ આપે છે. તેમણે આ પુસ્તકનું સંપાદન અને પ્રકાશન કર્યું છે. આ પુસ્તકની સાથે ઓડિયો સી.ડી. પણ છે. માનસમાં એમ કહેવાયું છે કે 'ગાવત સંતત સંભુ ભવાની...' ગાવાથી તેનો પ્રભાવ વધી જાય છે. ભારતીય સંસ્કૃતિના ચાર વેદોમાં એક વેદ સામવેદ સંપૂર્ણ રીતે સંગીત પર આધારિત છે. સંગીતમાં એવી તાકાત છે કે તે સાંભળનારને તેની સાંસારિક અવસ્થાથી ઉપર લઇ જાય છે. જયાં માનવ તેના મૂળ સ્વભાવ અનુસાર આનંદની પ્રાપ્તિ કરે છે. ત્યારે મન પારદર્શક બની જાય છે. આવી સ્થિતિમાં જે સાંભળવામાં આવે તેનો ગાઢ પ્રભાવ પડે છે. તેને શ્રુતિ વિજ્ઞાન કહેવાય છે, તેથી જ પ્રાચીન પરંપરા અનુસાર ગર્ભસંસ્કાર માટે પસંદ કરેલ છંદ, દોહાઓ અને ચોપાઓિને ગર્ભસ્થ બાળકની અવસ્થામાં પ્રબળતા આપે તેવો રાગોમાં ગાઇને મુકવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તેથી તેને સાંભળતાં સાંભળતાં ગાવાનો પ્રયાસ કરી અને ગાતા ગાતાં સમજાવવાનો પ્રયાસ કરવામાં આવશે તો આ બંને તૈયાર કરનારનો પ્રયત્ન સાર્થક થયેલો ગણાશે. આ પુસ્તક પ્રેમપૂર્વક ગુરુ સ્વરૂપા માં ને અર્પણ કરી લેખિકાએ સૌ માતાઓને સમર્પિત કરી છે જે આવનારા સમયમાં તેને વાંચે, સાંભળે અને અનુભવ કરે જેના થકી પોતાના ગર્ભને અને આ જન્મને ભારત માતાની સેવામાં સમર્પિત કરતી રહે.

છેલ્લે આ પુસ્તક ગુજરાતમાં જુદા જુદા શહેરો જેમ કે મહુવા, સુરત, અમદાવાદ, ભુજ, ગાંધીધામ, રાજકોટ વિગેરેમાં ક્યાંથી મળી શકે તેનાં સરનારા પણ આપવામાં આવેલાં છે.

ગર્ભસંસ્કાર માટે રામચરિત માનસની ચોપાઇઓ પર આધારિત આ પુસ્તક અને ઓડિયો સી.ડી. તૈયાર કરવાનો આ એક સંનિષ્ઠ પ્રયાસ છે. જે દ્વારા સંસ્કારી અને સુદૃઢ બાળક દ્વારા સ્વસ્થ સમાજ એક શ્રેષ્ઠ ભારતના નિર્માણમાં પોતાનું જે યોગદાન આપવામાં કાર્યરત છે તે સૌને ધન્યવાદ પાઠવું છું અને આ પુસ્તક તેમજ ઓડિયો સી.ડી. ને આવકારું છું.

**માનસ શિશુ સંગોપન**
**લેખન, સંપાદન : ચંદ્રિકા ભૂપેન્દ્રસિંહજી જાડેજા**
**પ્રકાશક - પોતે**
**સંપર્ક - દરબાર ગઢ, લાકડીયા (કચ્છ) ગુજરાત**
**કિંમત - ૧૦૦ રૂા. (પુસ્તક), ૫૦ રૂા. (સી.ડી)**

# દીકરી એટલે સમગ્ર માનવ સમાજના અસ્તિત્વનો આધાર

**હું રસ્તે રઝળતી વારતા**
**- અયના કમલેશ**

કેટલાક મુદ્દા એવા હોય છે, જેમની સરજૂતિની જરૂર રહેતી નથી. માહિતી અને દલીલોની જરૂર રહેતી નથી. ઉપદેશ પણ નહિ અને આદેશ પણ નહિ. મુદ્દો એ હદે દેખીતે અને સ્વીકાર્ય હોય છે કે એથી વિપરીત વાત ક્ષણભર પણ ન ટકે.

આવો એક મુદ્દો દીકરી બચાવવાનો છે. સદીઓ સુધી પુત્ર પ્રધાનતા અપનાવ્યાને પરિણામે હવે હજાર પુત્રોમાંથી સવાસો જેટલા પુત્રોએ ફરજિયાત વાંઢા રહેવું પડે એવી સ્થિતિ આપણે જાતે જ નિર્માણ કરી છે. એ સ્થિતિમાં અતિ કડવાં ફળ ભોગવી રહ્યાં છીએ. સૌરાષ્ટ્ર બાજુ તો દલાલો એક એક ગરીબ યુવતીનો બબ્બે ત્રણ-ત્રણ ઘરે પરણાવીને, ત્યાં ચોરી કરાવીને બેવડી-ચોવડી કમાણી કરવા લાગ્યા છે.

આમ, આ મુદ્દાની વિશેષ સમજૂતિની તો જરૂર નથી. પરંતુ સમાજની ખોપરી જરા જાડી હોય છે. એ ખોપરીમાં એક વિચાર રોપ્યા પછી જ આપોઆપ એની વૃદ્ધિ થતી નથી. એને પુનરાવર્તનરૂપી આપણી સતત સીંચવું પડે છે મતલબ કે આ મુદ્દાનું પુનરાવર્તન અને એ દ્વારા દૃઢીકરણ કર્યા કરવાનું હોય છે.

મુદ્દો બેટી બચાવવાનો છે. એની દૃઢીકરણમાં સહાયરૂપ બને એવી એક નાનકડી પુસ્તિકા વલસાડના ધનસુખલાલ પારેખે લખી છે. પુસ્તિકા સળંગપણે સૂત્રાત્મક છે. એનું એક-એક સૂત્ર શાળામાં, સંસ્થામાં, લેડિઝ હોસ્ટેલના પાટિયા પર પ્રસૂતિગૃહમાં અને જ્ઞાતિ સંસ્થાના નોટિસ બોર્ડ પર લખવા જેવું છે. ધનસુખલાલ પારેખની પુસ્તિકાનું શીર્ષક છે. 'મારે પણ એક દીકરી હોય.'

અલબત્ત, પુસ્તિકાની પહોંચ એક પ્રકારની છે તો દૈનિક અખબારો અને માસિકોની પહોંચ ઘણી બહોળી હોય છે. એટલે 'મારે પણ એક દીકરી હોય એ પુસ્તિકાની કેટલીક સામગ્રી અહીં રજૂ કરીએ છીએ. ઘણા ઘરોમાં પરિસ્થિતિ એવી હોય કે, બસ છોકરા જ છોકરા હોય છે. એ ઘરોને અને એ ઘરો જોનારને કોઈ સૂકા પ્રદેશનાં દર્શન કરતાં હોય એવું લાગે છે. આવા ઘરોની એકાદ દીકરી માટેની ઝંખનાય જોવા જેવી હોય છે. અમે એવાંય ઘર જોયા છે જયાં દીકરી માટે બાધા-આખડી રખાતી હોય તેમ દીકરી માટે પણ પ્રાર્થના કરાય છે. એટલે, દીકરીનો મહિમા કરતા આ કાવ્યાત્મક સૂત્રો બહોળા સાર્થકતા ધરાવે છે.'

- દીકરી એટલે સંવેદનાની સત્તા પર ખીલેલું પુષ્પ
- દીકરી એટલે પિતાના ઘરને સદાય અજવાળતી દીપિકા
- દીકરી એટલે કઠોરમાં કઠોર પિતાના હૃદયને કોમળ બનાવી રાખતી સંજીવની
- દીકરી એટલે સદાય પ્રેમથી છલકાતું સરોવર
- દીકરી એટલે એ સંતાન જેના પુનિત પગરવથી ઘર ધબકતું રહે
- દીકરી એટલે માબાપના મને લગાવાયેલો ચંદનનો મલમ
- દીકરી એટલે ટહૂકતી કવિતા
- દીકરી એટલે સમગ્ર માનવ સમાજના અસ્તિત્વનો આધાર
- દીકરી એટલે માની વેદનાનું વસિયતનામું વાંચતી સાહેલી
- દીકરી એટલે અન્યાયનો સામનો કોરતી ઝાંસીની રાણી
- દીકરી એટલે અવકાશમાં છલાંગ લગાવતી કલ્પના ચાવલા જેવી પરાક્રમી બાળ!
- દીકરી એટલે ગૃહમંદિરની તુલસી
- દીકરી એટલે ઘરમાં હસતી-રમતી નાચતી કૂદતી પંખણી
- દીકરી એટલે સંતાનોને સદાચારનું શિક્ષણ આપતી અને સંસ્કાર સંપન્ન બનાવતી પ્રેરણામૂર્તિ
- દીકરી એટલે વાત્સલ્યની આંધી
- દીકરી એટલે ઘરડા માબાપની ટેકણ-લાકડી
- દીકરી એટલે ઘરમાં કલ્લોલની કોયલ
- દીકરી એટલે ઘરને સુરક્ષિત રાખતો દીપસ્તંભ
- દીકરી એટલે મા-બાપ માટે આશાનું અંશુ
- દીકરી એટલે માના હૃદયનો હાર
- દીકરી એટલે પિતાના પ્રેમની મહેક
- દીકરી એટલે પવિત્રતાનું પાવન ઝરણું
- દીકરી એટલે દરિયાદિલ
- દીકરી એટલે જીવનમાંગલ્યની ગંગોત્રી
- દીકરી એટલે દીકરાનું સ્થાન લેતી વિરાંગના
- દીકરી એટલે દાદાને ઘોડો બનાવતી ઘોડે સવાર
- દીકરી એટલે આંગણું ઉજાળતી પ્રકાશ- પ્રતિમા
- દીકરી એટલે પરમ આનંદની અનુભૂતિ
- દીકરી એટલે સૌ પ્રત્યે પ્રેમભાવ રાખતી સખી
- દીકરી એટલે દરેક પ્રસંગને કુશળતાથી પાર પાડતી કુશળ મેનેજર
- દીકરી એટલે નિર્મળતાનું ઝાકળબિંદુ
- દીકરી એટલે ગગન-ગોખે ઝૂલતી તારિકા
- દીકરી એટલે આયુષ્ય જાય પણ જેનું સ્મરણ ન જાય એવી સ્મૃતિ
- દીકરી એટલે કદી ન સરકે એવી સંપત્તિ
- દીકરી એટલે ઊગતા પ્રભાતની પહેલી કોમળ કિરણાવતિ
- દીકરી એટલે માત્ર હાજરી વડે વાતાવરણને ચૈતન્યપ્રદાન કરતી ચેતનામૂર્તિ
- દીકરી એટલે સોળે ઘડી શુભ ચિંતવતી શુભાંગિની
- દીકરી એટલે સેવા અને ત્યાગની સાક્ષાત પ્રતિભા
- દીકરી એટલે લાડકડા ભાઈનો સોનપરી
- દીકરી એટલે સર્વક્ષેત્રીય ચતુરાઈ
- દીકરી ઉંમરમાં મોટી થતી રહે છતાં મા-બાપને મન નાનકડી બાળકી રહે એવું સંતાન
- દીકરી એટલે ઘરમાં આનંદવર્ષા
- દીકરી એટલે અડસઠ તીરથનું પુણ્ય આપનારી, પતિત પાવની ભગીરથી.
- દીકરી એટલે અન્યાય સામે ઝબુકતી વીજળી

અને માનનીય મોરારી બાપુના શબ્દોમાં બાપ-દીકરીનો સંબંધ બિલકુલ નિઃસ્વાર્થ હોય છે.

લગ્ન બાદ દીકરીને વિદાય આપતી વેળા પિતા રૂએ છે એનું કારણ એ છે કે પત્નીથી પણ અધિક દીકરી પિતાનો ખ્યાલ રાખે છે.

પિતા જરાક ઓછું જમે તોય દીકરીની આંખો ભીંજાય છે.

પરિવારની સમસ્યા વેળા પત્ની, પુત્ર કે અન્યોના પ્રમાણમાં દીકરી વધુ દુઃખી થાય છે એ રડશે નહિ, પરંતુ એનું હૃદય રડતું હશે.

# ભીતર પ્રવેશવાની સુખની થઇ ન હિંમત, એને નડયું છે કાયમ બખ્તર અરસપરસનું

**અબોલાનું ગણિત**
**- વિજય શાહ**

ભીતર પ્રવેશવાની સુખની થઈ ન હિંમત,
એને નડ્યું છે કાયમ બખતર અરસપરસનું.

**- રવીન્દ્ર પારેખ**

સીમા બબડતી હતી... હું મા થઈ તે જ મારો વાંકને? તારો મારા ઉદરે જન્મ થયા પછી સતત તું લાતો મારીને શું ય ગુસ્સો કાઢતો હતો તે ત્યારેય નહોંતું સમજાયુ અને આજે પણ અબોલા તેં શાનાં લીધા છે...મને તો તે પણ સમજાતુ નથી.

તારું ભલું ઈચ્છવું અને તારી ભુખ ભાંગવી તે સિવાય મેં કદી તારી પાસેથી કશુંય ઈચ્છ્યુ નથી. અને આ જેનીફર સાથે તારા લગ્ન થયાને તને શું થઈ ગયુ? મને ખબર નથી કે તારે માટે હું વસુકી ગયેલી ગાય કે જેના આંચલમાં હવે દુધ નથી તેમ સમજીને તેં મને તારી જિંદગીમાંથી હાંકી મુકી. પણ ભલા ભાઈ તું ભુલી ગયો કે ઘરડી ગાય પણ ઉત્સર્જન નાં રુપમાં ખાતર આપે છે. બે વરસે વીક નો તુ બાપ થયો તેથી શું વીક તારા એકલાનો? મારા ફુલનાં ગોટા જેવા પૌત્રને જોઈને મને તારુ બચપણ ફરી માણવાનાં કોડ ના થાય?

તારા પપ્પા તેમની સર્વ ઈચ્છાઓ મારીને જીવી શકે ..પણ ના. મારાથી તેમ નથી થતુ હું તો મા છુ ને? અને તું મારો રૂપિયો છે જયારે વીક તો મારા રુપિયાનું વ્યાજ વળી એક સબડીવીઝનમાં રહેવાનું અને તેને જોવા માટે મારે તારી અને જેનીફરની પરવાનગી લેવાની? લોહી તો ઉછાળા મારેજ ને?

બરોબર જયારે તું પાંચ વર્ષનો થયો હતો ત્યારે તને કેડબરી એક્લેર ચોકલેટ ખુબ જ ભાવતી.. અને ત્યાર પછી તારા પપ્પા રેપર ની તને સરસ નાની ઢિંગલી બનાવી આપતા તારો ચહેર એ આનંદને માણતો અદભુત રીતે ખીલતો..જોકે આ હાસ્ય ઉંમરની સાથે વિલાતુ ગયુ તને સ્કુલે મોકલવામાં અને રીક્ષાવાળાનો સમય સાચવવા ઘણી વાર હું ઘાંટા પાડુ તે તને ના ગમે..તારે તો છબ્છબીયા કરીને ફુવારા નીચે નહાવુ હોય.. પણ તેમ કંઈ ચાલે?

હવે તો તુ પણ બાપ બન્યો છુંને? મારી તારા માટેની ચિંતા હવે સમજી શકતો હોઈશ. ક્યારેક સુંદર ભવિષ્યનાં કાજે આજનાં કેટલાંક સુખોને ત્યાજવા પડેને? મને ખબર છે તને યુનિફોર્મ પહેરવો ગમતો જ નહીં. તને રીક્ષામાં બેસીને સ્કુલે જવું ગમતુ નહીં તને ડોલી ટીચર ગમતી પણ તેમનું હોમવર્ક કરતા કરતા તુ થાકી જતો, વીડીયોગેમ તને ખુબ જ ગમે પણ પપ્પા તેમનું લાખ રુપિયાનું બીઝનેસ કોમ્પ્યુટર પર તે રમવા માટે એક કલાક આપતા તે તને ન ગમતુ... તેથી હું તારો પક્ષ લઈને વધુ સમય રમવા કહેતી ત્યારે પણ પપ્પા કહેતા કે તેને કોમ્પ્યુટર રમવા માટે નહી પણ ભણવા માટે આપ.. જો તે કંઈક તેની ઉપયોગીતા શીખે તો.. આવતી કાલ તો આ નાનકડૂ રમકડૂ દુનિયાભરની સારી અને નરસી વાતો શીખવાડશે.

દિવસો વિતતા ગયા.. અને એ દિવસ પણ આવી ગયો જયારે તેં મને કહી દીધું મા.હું જેનીફર સાથે પરણીશ અને તેં જો વાંધો લીધોને તો હું તને છોડી દઈશ.

અને હા ભાઈ તેં મને છોડી દીધી. તેં કહ્યું હતું તેમજ તેં પાળી બતાવ્યું ભાઈ! હું તો વસુકી ગયેલી મા ને? તને હું શું કામ લાગવાની? હવે તો હું ઘરડી થવાની . તારા માથે મને સાચવવાની જવાબદારી આવવાની તેથી તેં મને ફોન કરવાની મનાઈ કરી દીધી. તારે ઘરે આવવાની મનાઈ કરી દીધી..પણ ભાઈ! તને જોયા વીના મને કેમ ચાલે? તું આજે તારા ઢીંગલા સાથે રમે અને મને મારા ઢીંગલાને જોવા પણ ન મળે?

ઘણી વખત તારા પપ્પા મને કહે કે છોકરાઓ મોટા થઈ ગયા પણ તેમની સાથે તું મોટી નથી થતી. ભુલી જા કે હવે તેઓ તારી દરેક માંગણી ઓ પુરી કરે... તેમની પોતાની જિંદગી છે .. તેમની પોતાની પ્રાથમીકતા (પ્રાયોરીટી) હોય... અને તું તે પ્રાયોરીટીમાં ના હોય તો તું શું કરે? સહજ જવાબ તો એક જ હોય... તેઓ તેમની દુનિયામાં સુખી છે માની ને ખુશ રહે.

તેઓ એવું કહેતા હોય છે પણ હું ઉધામા કરું છું અને તેઓ પણ છાના છાના નિઃસાસા તો નાખતા જ હોય છે. સમજણ નાં નામે તેઓ સહી જાય છે જયારે મને થાય છે કે મારા સંતાનો હાથવગા હોવા છતાં મારે કેમ નહી માણવાનાં?

પ્રશ્ન ઉપર પ્રશ્ન થયા જ કરે પણ ન કોઈ આશ્વાસન કે નહિં કોઈ નિરાકરણ. ક્યારેક કકળાટમાં આડૂં અવળું બોલાઈ જાય અને પછી પસ્તાવાનો પાર ન રહે...

ક્યારે તુટશે આ અબોલા? મારા શ્વાસ ચાલે છે તે પહેલાં તો તુટશે ખરાને?

•••

મા!

ખરું કહું ને તો કોઈ અબોલા છે જ નહી.

પણ હા તમારી એક વાત સંતોષૂ અને સાથે આવી પડતી બીજી ફરમાઈશોથી ડરું છું.

મને મારું બચપણ અને મારા માટેનું તમારો લગાવ સંપૂર્ણ રીતે યાદ છે. દીકરા સાથે સમય ગાળુ ત્યારે તે બધું જ મારી સ્મૃતિઓમાં અકબંધ અને ક્ષણે ક્ષણનાં હિસાબો તરીકે ઉકલતું જ હોય છે. પણ શું કરું? તમે અને જેની- મારી બધીજ સહનશીલતાની સરહદો પાર કરી ગયા છે.

બંને મા પોત પોતાનાં દીકરાઓ વિશે એવી જડ માન્યતાઓથી વળગેલા છે કે દરેક વચલા રસ્તાને પણ છેલ્લો રસ્તો માની હદ બહાર ઝઝુમો છો જયારે સત્ય એ છે કે હું બેઉં માઓને સંભાળતા સંભાળતા પાગલ થઈ જાઉં છું.

મને ખબર છે કે સંવેદનાઓ બંને પક્ષે અનહદ છે. બંને ને સંભાળવાને બદલે મેં મને સ્થિર રાખવાજ આ નિયમ ઘડ્યો છે કોઈ વાત જ નહીં કરવાની. તેથી બંને તેમ તેમની રીતે ખુશ કે નાખુશ. જેની ખુબ જ સુખી છે અને તમે બહુ જ દુઃખી.

ફોન ઉપર વાતો કર્યા પછી અક્ષરે અક્ષરનું પીષ્ટ પેષણ વળી મને ગુજરાતીનું સારી રીતે અંગ્રેજી કરતા ના આવડે ત્યારે વાતનું વતેસર થાય તે નફામાં.. તમારી સાથે પપ્પા છે. તે તો બહું જ સમજું છે પણ મારી પાસે મારા સિવાય બીજું કોઈ નથી.

અનુસંધાન પાના નં.૬ પર